ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૫-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

# સાચી 'ગાંધીગીરી' તો સજા ભોગવી જ બતાવી શકાય

સંજય દત્ત ઉર્ફે મુન્નાભાઈને દેશની સર્વોચ્ચ અદાલતે કાયદો બધાને એક સરખો લાગુ પડે, એ બાબત બરાબર શીખવી દીધી છે. લોકપ્રિય સામાજિક કાર્યકર અને અભિનેતા સુનીલ દત્તના સુપુત્ર હોવાને કારણે કે મહાન અભિનેત્રી નરસીસની કૂખે જન્મ્યા હોવાથી 'લૉ ઑફ ધિ લેન્ડ' એમને આમ આદમીથી અલગ ચોકઠામાં ન મૂકી શકે. સંજયને જે સજા મળી છે તે એની નાદાની અને બેદરકારીની મળી છે. અદાલતે ઉદારતાપૂર્વક એના અંધારી આલમ સાથેનાં સંબંધો છતાં એને આતંકવાદીઓની યાદીમાં સામેલ નહીં કરીને ભારે સૌજન્ય દાખવ્યું હતું. નહીંતર '૯૩ના મુંબઈ બોમ્બ ધડાકાઓ પાછળના તમામ કાવતરાખોરો સાથે આ બોલીવુડ સ્ટારને પણ સરળતાથી સાંકળી શકાય એમ હતો. પોતે કશું જાણતો જ નહોતો, ફક્ત શોખ ખાતર એ ખતરનાક ખેલના ખેલાડીઓની સોબતે ચડ્યો હતો - એ વાત સામાન્ય માણસને પણ ગળે ઉતરે એવી નથી. છતાં અદાલતે એના વકીલોની એવી વાહિયાત દલીલો પણ ગ્રાહ્ય રાખી એમાં કદાચ કોંગ્રેસના હાઈકમાંડ સાથે નજીકના સંબંધો ધરાવતાં અભિનેતા - કમ - નેતા સુનીલ દત્તનો પ્રભાવ જ કામ કરી ગયો હોય એમ લાગે. પરંતુ આવા જ ઘન્ય અપરાધમાં સામેલ સ્ટાર પુત્રને અભરામ નંદાવે છોડી દેવાથી તો જનમાનસમાં આપણા ન્યાયતંત્ર વિશે જે વિશ્વાસ પ્રવર્તી રહ્યો છે તે ખંડિત થવાની જ સંભાવના હતી. એટલે એકે-૫૬ જેવું ઘાતક હથિયાર લાઈસંસ વગર પોતાની પાસે રાખવાના ગુના હેઠળ એને ગુનેગાર બનાવ્યા વગર ચાલે એમ જ નહોતું. આ કદાચ સંજયનાં સાથીદારોની સરખામણીમાં સૌથી ઓછામાં ઓછી સજાને પાત્ર ગુનો હતો.

સંજય દત્તના વકીલોએ એ સુધરી ગયો હોવાથી દલીલો કરી એટલું જ નહીં, એણે સમાજને 'ગાંધીગીરી' શીખવી - જેવી રજૂઆત કરીને એને માફ કરવાની વિનંતી કરી હતી. સંજય સારા ખાનદાનનો બગડેલો નબીરો છે. કયારેક એ ડ્રગ્સના રવાડે પમ ચડી ગયો હતો. જો અદાલત એને સુધરી ગયેલો નબીરો ગણી માફ કરી દેત તો એથી ખોટો મેસેજ જવાની પૂરી શક્યતા હતી. દરેક ગુનેગારને ગુનો કર્યા પછી પસ્તાવો થતો જ હોય છે. એટલે અદાલતો શું બધા ગુનેગારોને 'દઈનો ઘોડો છુટ્ટો' કહી છૂટા મુકી શકે? સંજય પાસે મોટાં કામોનું કમિટમેન્ટ હશે તો સામાન્ય ગુનેગારને પણ એની સામાજિક કે ધંધાકીય જવાબદારીઓ હોય જ છે. સંજયને તો સાત પેઢી સુધી ન કમાય તો પણ ચાલે એવી અઢળક સંપત્તિનો વારસો મળેલો છે; બિચારા બીજા ગુનેગારોનાં કુટુંબોનો કમાનાર માણસ સળિયા પાછળ ધકેલાઈ ગયા પછી ફૂટપાથ પર આવી જતાં હોય છે. સંજયનાં ત્રણ બાળકો અને ત્રીજા નંબરની પત્નીનો હવાલો આપી એની સજામાં ઘટાડો કરવાની રજૂઆતો થતી રહી છે. આવી બધી વાહિયાત બાબતો પ્રત્યે ધ્યાન આપવા જાય તો અદાલત કોઈ પણ ગુનેગારને સજા કરી જ ન શકે. બધા જ ગુનેગારોને ઘર-પરિવાર હોય છે અને બધાને નાની-મોટી જવાબદારીઓ નિભાવવી પડતી હોય છે. ફિલ્મ-ઈન્ડસ્ટ્રી સાથેનાં કરાર મુજબ ઘણાં કામો અધૂરાં પડ્યાં હોઈ સંજયે સજામુક્તિ નહીં તો વિકલ્પે હાજર થવા માટે વધારે સમય માગ્યો હતો. તદુપરાંત એના વકીલોએ સંજયને જે સજા થઈ તે વખતે 'ટાડા' અમલમાં હતો, હવે એ કાયદો અમલમાં નહીં હોવાથી એને માફી આપી દેવાની અત્યંત વાહિયાત દલીલ પણ કરી હતી. અદાલતે સંજુબાબાની રિવ્યુ પિટીશન રદ કરી આ બધી જ બાબતો ફગાવી દઈ સંજય દત્તને ચૂપચાપ જેલ ભોગવી લેવાનો સંકેત આપી દઈ અત્યંત પ્રશંસનીય નિર્ણય કર્યો છે. સંજય દત્ત પ્રત્યે લેશ પણ પક્ષપાતભર્યું વલમ અપનાવાયું હોત તો એથી અદાલતની નિષ્પક્ષતા વિશે લોકો શંકા કરતા થઈ ગયા હોત. મુન્નાભાઈ, સાડા ત્રણ વર્ષ એ કોઈ બહુ લાંબો સમયગાળો નથી. જેલમાં રહી ગાંધીગીરીનો અમલ કરો એ દાખલો બેસાડો તે તમારાં જ હિતમાં છે.

### ૧.૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના ભાવિનો ફેંસલો થશે

# ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહનું આજે પરિણામ : ભારે ઉત્સુકતા-ઉત્તેજના

અમદાવાદ, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે માર્ચ-૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવનાર છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામને લઈને ભારે ઉત્સુકતા અને ઉત્તેજના જોવા મળી રહી છે.પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ પરિણામ ૧૩મે ના રોજ જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ www. gseb.org, www.gipl.net. અને www. indiaresult.com પરથી ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ ૧૩મે ૨૦૧૩ના રોજ સવારે ૯:૩૦ કલાકથી જાણી શકાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનમાં એસએમએસ દ્વારા પરીણામ જાણી શકાશે. જેના માટે વિદ્યાર્થીઓ પોતાનું પરીણામ જાણી શકશે. ૧૬મે ના રોજ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ વેબસાઈટ ઉપર અપલોડ કર્યા બાદ ૧૮મે ના રોજ વિદ્યાર્થીઓની માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. જેનાં માટે રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો ૧૮મે ના રોજ સવારના ૯:૩૦ કલાકથી સાંજના ૪:૩૦ કલાક સુધી જિલ્લાના નિયત કરેલા વિતરણ સુધી પાટનગર ગાંધીનગરમાં જાહેર કરવામાં આવનાર છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં આશરે ૧.૧૦ લાખ વિદ્યાર્થીઓ બેઠા હતા.

પ્રવેશ સમિતિએ જાહેરાત કરી છે કે એન્જિનીયરીંગ કોર્સમાં પ્રવેશ જીઈઈ સ્કોર અને બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા માર્ક પર આધાર રાખીને તૈયાર કરાયેલી યાદીના આધારે મળશે. નીટ અંગે સુપ્રીમ કોર્ટનો અંતિમ ચુકાદો બીજી જુનના દિવસે

## પાટનગર ગાંધીનગરમાં પરિણામની જાહેરાત થશે : શિક્ષણ બોર્ડની વેબસાઈટ અને મોબાઈલ ફોનમાં એસએમએસ દ્વારા વિદ્યાર્થી પરિણામ મેળવી શકાશે

બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવશે. વિદ્યાર્થીએ બોર્ડની વેબસાઈટ, ટોલ ફ્રી નંબર અને એસએમએસ દ્વારા પોતાનું પરીણામ જાણી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યનાં શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધોરણ-૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષાનું પરીણામ પોતાના મોબાઈલ ઉપરથી (HSC-પોતાનો સીટ નંબર) ટાઈપ કરીને ૫૦૧૧૧ ઉપર એસએમએસ કરીને પોતાનું પરીણામ જાણી શકશો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ બોર્ડના નંબર ૦૭૯-૨૬૮૫૧૪૨૨ અને ૦૭૯-૩૦૫૧૬૦૬૨ અથવા ગુજરાત કોલ સેન્ટરનાં ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ ઉપરથી મેળવી શકશે. પોતાના શાળાના વિદ્યાર્થીઓની માર્કશીટ મેળવવા માટે આચાર્યો અધિકાર પત્ર આપીને શાળાના પ્રતિનિધીને પણ મોકલી શકશે.

ત્યાર બાદ વિદ્યાર્થીઓ પોતાની શાળામાંથી ધોરણ-૧૨ સાયન્સની માર્કશીટ મેળવી શકશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવનાર છે જેથી ગુજકેટ પરીક્ષાના પરિણામ હાલમાં જાહેર કરવામાં નહીં આવે. અગાઉ મેડિકલમાં પ્રવેશ બોર્ડની પરીક્ષામાં ૬૦ ટકા માર્ક અને ગુજકેટમાં ૪૦ ટકા માર્કનો ઉપયોગ કરીને અપાતા હતા. જો નીટ લાગુ થશે તો મેડિકલમાં પ્રવેશ આ સ્કોરના આધારે જ અપાશે.




મમ્મી મધર્સ ડેની પાર્ટી માટે આભાર,.. મોડી રાત થઈ ગઈ છે હવે અમે જઈએ...!!

## સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા નિસર્ગોપચાર અને મનોનિયંત્રણના ઉપાયો સંબંધિત શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

આંતરરાષ્ટ્રીય નેચરોપથી સંસ્થા અને સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિ અર્થાત નેચરોથેરાપી દ્વારા સ્વાસ્થ્ય જાળવણીના ઉપાયો, વિવિધ હઠીલા રોગોમાં નેચરોપેથીના માધ્યમથી કરવામાં આવતી સારવાર તથા મનો નિયંત્રણના ઉપાયો સંબંધે એક શિબિર યોજાઈ હતી.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં ટ્રસ્ટી મહેન્દ્રભાઈએ સત્સંગ તથા વ્યાખ્યાનો માટે સમાજને સમર્પિત કરેલા તેમના સેક્ટર-૪ સ્થિત આર્યકુંજ સોસાયટીનાં ભવનમાં યોજાયેલ આ શિબિરમાં ૮૦ થી વધુ લોકોએ ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

નેચરોપેથી અને હોમિયોપેથીનાં જાણીતા તબીબ અને ગાંધીનગર જિલ્લાના દંતાલી ગામમાં આવેલા શિવાશ્રમના સંચાલક ડૉ. જીતુભાઈ પંચાલે આરોગ્ય સંબંધિત માર્ગદર્શન આપી લોકોની શંકાઓનું સમાધાન કર્યું હતું. સર્વોત્કર્ષ સેવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી તથા વૈદિક પ્રચારક અરવિંદભાઈ રાણાએ મનો નિયંત્રણના ઉપાયો સંબંધે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં મનોજભાઈ શુકલ દ્વારા ઈશ્વરભક્તિનું મધુર સ્વરમાં ભજન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મહેન્દ્રભાઈ ગાંધી અને વર્ષાબેન દવેએ કર્યું હતું.

# વિદ્યાર્થીઓને પરીક્ષામાં ન બેસવા દેવાતા હોબાળો

અમદાવાદ, તા.૧૧

કલોલની કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અમદાવાદની નવ ગુજરાત કેમ્પસમાં આવેલી એમ.સી. શાહ કોમર્સ કોલેજમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવી હતી.

જોકે કોલેજ પ્રશાસન દ્વારા આ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા ન દેવાતા વિદ્યાર્થીઓનું ભવિષ્ય મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. આ ઘટનાથી વિદ્યાર્થી આલમમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે. વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા હોવાથી જવાબદારો સામે પગલા ભરવાની માંગ આજે વિરોધ પ્રદર્શન કરવામાં આવી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ કલોલમાં આવેલી મ્યુનિસિપલ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષા માટે નવ ગુજરાત કેમ્પસમાં આવેલી એમ.સી. શાહ કોમર્સ કોલેજમાં નિર્ધારીત કાર્યરત મુજબ ગુરૂવારે જ્યારે આ વિદ્યાર્થીઓ એમ.સી. શાહ કોમર્સ કોલેજમાં પરીક્ષા આપવા પહોંચ્યા હતા.

જોકે પરીક્ષાની કામગીરીમાં હાજર સ્ટાફે આ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દીધા ન હતા. અને તમારૂ પેપર સોમવારે હતું તેમ કહીને ધક્કા મારીને હડધુત કરીને કાઢી મુક્યા હતા. જેના કારણે વિદ્યાર્થીઓ રોષની લાગણી વ્યાપી ગઈ હતી. વાર્ષિક પરીક્ષામાં બેસવા ન મળે તો પોતાનું એક વર્ષ બગડશે એ ડરે વિદ્યાર્થીઓ મુઝવણમાં મુકાઈ ગયા હતા. વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા હોવાની વાતને લઈ કલોલ મ્યુનિસિપલ કોમર્સ કોલેજમાં રજુઆત કરી હતી. જેનાં પગલે કલોલ કોલેજના પ્રિન્સિપાલે એમ.સી. શાહ કોલેજના પ્રિન્સીપાલ અને યુનિવર્સિટીના કુલસચિવને પત્ર લખીને વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય પગલાં લેવા માંગ કરી હતી. દરમિયાન વિદ્યાર્થીઓને પરીક્ષામાં ન બેસવા દઈ તેમના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો સાથે આજે વિદ્યાર્થીઓ દ્વારા નવ ગુજરાત કેમ્પસમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને ગુજરાત યુનિવર્સિટી આ મામલે હસ્તક્ષેપ કરીને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરનાર શખ્સો સામે કડક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી હતી.

# સ્પીપામાં પ્રવેશ માટે ૧૦૦૦૦ વિદ્યાર્થીઓએ અરજી કરી

અમદાવાદ, તા.૧૧

ગુજરાતી વિદ્યાર્થીઓ ઉપર યુનિયન પબ્લીક સર્વિસીસ (યુપીએસસી)ની પરીક્ષામાં સફળ ન થઈ શકવાનું એક મહેણું હતું. તેનું મુખ્ય કારણ યુપીએસસી જેવી પરીક્ષામાં ગુજરાતી વિદ્યાર્થીઓનાં રસનો અભાવ હતો. જોકે હવે આ ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. ગુજરાતી વિદ્યાર્થીઓમાં પણ યુપીએસસીની પરીક્ષા આપવાનો ક્રેઝ વધી રહ્યો છે. જેનાં કારણે યુપીએસસીની પરીક્ષાની તાલીમ આપતી સ્પીપામાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળે છે. એક સમયે ૧૯૯૩માં સ્પીપામાં પ્રવેશ માટે માત્ર ૬૬૮ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. ત્યારે વર્તમાન વર્ષ સ્પીપામાં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓનો આંકડો ૧૦,૦૦૦ને પણ વટાવી ગયો છે. ગત તારીખ ત્રણ મેના રોજ યુપીએસસી મેઈન પરીક્ષાનું પરીણામ ચક્રવ્યૂહ ભેદવામાં સફળ રહ્યા. જે ગુજરાતમાં યુપીએસસીની પરીક્ષાનાં વધી રહેલ ક્રેઝનાં કારણે શક્ય બન્યું હોવાનો સ્પીપાના ડાયરેક્ટરનો દાવો છે. અમદાવાદમાં આવેલ સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રીટ (સ્પીપા)ના ડાયરેક્ટરના જણાવ્યા મુજબ સંસ્થામાં ટ્રેનિંગ લેવા માટે વર્ષ ૧૯૯૩માં માત્ર ૬૬૮ વિદ્યાર્થીઓ અરજી કરી હતી. જેમાંથી ૬૦ વિદ્યાર્થીઓની ટ્રેનિંગ માટે પસંદગી કરાઈ હતી. જેમાંથી ૧૨ વિદ્યાર્થીઓ પ્રિલિમિનરી પરીક્ષા, તો ૫ વિદ્યાર્થીઓ મેઈન પરીક્ષા અને ત્રણ વિદ્યાર્થીઓ ફાઈનલ ઈન્ટરવ્યૂ પાસ કરવામાં સફળ રહ્યા હતા. જ્યારે આ સંખ્યા ક્રમશઃ વધતી રહી છે. વર્ષ ૧૯૯૫માં ૧૨૩૪ વિદ્યાર્થીઓની અરજી મળી હતી. વર્ષ ૧૯૯૮માં ૧૧૪૧, વર્ષ ૨૦૦૧માં ૧૩૪૮, વર્ષ ૨૦૦૪માં ૧૯૩૪, વર્ષ ૨૦૦૭માં ૧૦૯૭, વર્ષ ૨૦૧૦માં ૪૫૭૧ અને વર્ષ ૨૦૧૨માં ૯૮૪૯ વિદ્યાર્થીઓએ સ્પીપામાં ટ્રેનિંગ માટે અરજી કરી હતી. જે યુપીએસસીની પરીક્ષામાં ગુજરાતી વિદ્યાર્થીઓની વધી રહેલી રુચી દર્શાવે છે.

યુપીએસસીની પરીક્ષામાં ગુજરાતી વિદ્યાર્થીઓની રુચી વધવાનું કારણ અંગે સ્પીપાના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે સ્પીપા દ્વારા શાળા અને કોલેજોમાં યુપીએસસીની પરીક્ષા અંગે માર્ગદર્શન કેમ્પસનું આયોજન કરવામાં આવે છે. જેમાં યુપીએસસીની પરીક્ષા અંગે વિદ્યાર્થીઓની ગેરસમજ દુર કરીને સાચું માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત યુપીએસસીની પરીક્ષામાં સાહિત્યના વિષયોનો સમાવેશ કરવામાં આવતા ગુજરાતી વિદ્યાર્થીઓને લાભ થઈ રહ્યો છે. તેમજ મેઈન પરીક્ષા પણ ગુજરાતી ભાષામાં આપી શકાતી હોવાથી પ્રમાણમાં અંગ્રેજીમાં કાચા ગણાતા ગુજરાતી વિદ્યાર્થીઓ યુપીએસસીની પરીક્ષા પ્રત્યે આકર્ષાયા છે.

# માતૃભાષાથી મહેંકતી મહેફિલ...!! મંજરી જેવાં મધમધતાં ગીતોમાં રણઝણતાં ગુજરાતી ધબકારાં...!!

## ઊઘડતે પડદે

- સંજય થોરાત

ગાંધીનગર કલ્ચરલ ફૉરમે હિન્દી ફિલ્મો ગીતોનાં ૧૦૦ વર્ષનાં લવલી ગીતોનાં મીઠાં ઘૂટડ્યા ભરાવ્યાનાં બીજા જ દિવસે ગીષ્મોત્સવમાં ગુજરાતી ગીતોની મધર્સ ડેની પૂર્વ સંધ્યાએ માતૃભાષાની મહેકતી મહેફિલમાં મંજરી જેવાં મધધમતાં ગીતોથી ગુજરાતી હૈયાનાં ધબકારાંને રણઝણતાં કરી દીધાં...

તરબૂચનાં ચિત્ર અને એનાં કલર શેડમાં બનેલાં આજનાં પાસને હાથમાં લેતાં જાણે ગુજરાતી મહેફિલની સુધા સંતૃપ્ત થશે અને તરબૂચ જેવી મીઠાશ આપણા શત પ્રતિશત ગુજરાતી ગીતોમાં મળશે એવું તો પાસ પરનાં સેલી - નિશા કાપડીયાનાં મંદ મુસ્કાતા ચહેરા પર ઉદ્‌ઘોષક રઈશ મણિયારનાં નામ સાથે તાલ સંગતમાં પંડિત વિક્રમ પાટીલ એટલે મહેફિલમાં આપણા પણાની ફિલની ખાત્રી...

કાળ, ડાળ આ નવપલ્લવીતથી શરૂ થયેલી સુહાની શામમાં



આપણાપણાની કવિ રમેશ પારેખનો અતિપ્રસિદ્ધ - પસંદીતા રચનાં સાંવરીયો રે મારો સાંવરીયો, હું જો ખોબો માંગુ તો મને દઈ દે દરિયો... નિશા કાપડિયાએ પહેલાં બે ગીતોથી જ મહેફિલ જમાવી દીધી... ગીતની પાછળ જ રઈશ મણિયાર એમની હળવી રમુજી શૈલીમાં પાછા કહે કે જુહુની ચોપાટી પર બંને બેઠાં હોય અને પત્નીને ખોબાની જગ્યાએ દરિયો આપવાની વાત થાય અને પત્નીની નજર ભીમજી ઝવેરીની દુકાન પર મંડાયેલી હોય તો દરિયો મોંઘો પડે... દરેક સ્ત્રી સફળ સાંવરીયો ગોતતી હોય છે, ગુજરાતી પત્નીને વર-ઘર-નોકર ત્રણ મળે એટલે સફળ, એમાં પહેલો ના હોય તો ચાલે ત્રીજાનું કામ પહેલાં પારે કરાવી લેવાય એટલી પત્ની સફળ...

પન્નના નાયકના શબ્દોને ગૌરાંગ વ્યાસનાં સંગીતની રચના હું તો તમારી પ્રિતમાં પાગલ થઈ ગઈ, હું તો રસ્તાની ધૂળ જાણે વાદળ થઈ ગઈ... હું તો આંખો મિંચીને તેને સાંભળ્યા કરૂં, મારી છાની લાગણી પંપાળ્યા કરૂં... ભાવવાહી રચના રહી... છોકરીની ખાસિયત જણાવતાં રઈશ કહે કે, ''એક વેળાએ દઈ દીધેલું દિલ હજીયે યાદ છે, એ પચી ભરતાં રહેતાં બિલ હજીયે યાદ છે.''

ગુજરાતી ભાષાનાં પ્રથમ વેલેન્ટાઈન કવિ મરીઝની વાત મમળાવતાં કીધેલું કે મરીઝને ૧૬ વર્ષે લગ્નનાં આગલે દિવસે હાથે મહેંદી મુકીલ માશુકા બાય બાય કરી ગઈ અને બરાબર ૬૬મેં વર્ષે એટલે કે ૫૦ વર્ષ બાદ જયારે એ ફરી મરીઝને મળવા આવી ત્યારે કીધેલું કે, 'ઘણાં વર્ષે આવ્યાં એનો એ જ પુરાવો છે, જે મહેંદી હતી હાથ પર તે આજે કેશ પર છે...'

સોલી કાપડીયાનાં સુંવાળા સ્વરમાં, 'કોકવાર આવતાં ને જાતાં મળતાં રહો છો એમ મળતાં રહો તો ઘણું સારૂં, હોઠનાં ખુલે તો હવે આંખોથી હૈયાની વાત કરૂં તો ઘણું સારૂં' આ ગીતમાં ગિટારનો વાગેલો પિસ માર્વેલ રહ્યો... ગુજરાતીઓએ વ્યાપાર આવડે પ્યાર ના આવડે એમ કહી યુવાનોનાં પ્રેમને પડતો મુકી વડીલોના પ્રેમની વાત કરતાં રઈશે કીધું કે, 'કૌન કહેતા હૈ કુ બુઢે ઈશ્ક નહીં કરતે, વો તો હમ હૈ કે જો ઉનપે શક નહીં કરતે' અને આ પછીની રચના 'ઓજસ્વી વાળ અને તેજસ્વી ટાલ વાળા માટે છે કહી રઈશ મણિયારે મોજ કરાવી દીધી...'

કહું છું જવાનીને પાછી વાળી જા, કે ઘડપણનું ઘર મારૂં આવી ગયું છે... આ ગીત વખતે સતત એક કવ્વાલી 'ધ બર્નીંગ ટ્રેન'ની 'પલ દો પલ કા સાથ હમારાં પલ દો પલ કા યારા હૈ'નો ભાસ થતો હતો અને 'રાગ પહાડી' અને કેદાર પર આધારિત કવ્વાલી મૂળ ગુજરાતી હતી અને મો. રફીની ઈચ્છાથી અવિનાશ વ્યાસે આને હિન્દીમાં બનાવવાની ઈચ્છા પુરી કરેલી' એવી વાત રઈશ મણિયારે કરતાં આપણાં ગુજરાતી ગીત સર્જકોને સલામ કરવાની ઈચ્છા થાય... આ ગીતની બીજી એક ખાસીયત એ હતી કે તબલા ઉસ્તાદ પંડિત વિક્રમ પાટીલ જેણે આ ગીતમાં અફલાતુન તબલાં વગાડ્યાં એમણે જ ગુજરાતી - હિન્દી ઑરિજિનલ ગીતમાંય તબલાં વગાડેલાં છે...

'ક્યારે પુરા થશે મનનાં કોડ કે સાયબો મારો ગુલાબનો છોડ' નું પ્રથમ ડ્યુએટ સૉંગ આવ્યું અને લોકોને ગમ્યું ય ખરૂં... ગુજરાતીઓને ભાષાપ્રેમ જબરદસ્ત છે એવી રમૂજી વાત સાથે રઈશનાં શેરમાં 'હજી પણ મારાં ધબકારાં ગુજરાતીમાં રાખ્યાં છે'ને ઈર્શાદ અને વાહ વાહ બંને મળ્યાં... ''છેલાજી રે મારા હાટુ પાટણથી પટોળા મોંઘા લાવજો કે એમાં રૂડાં રે મોરલિયા ચિતરાવજો રે...'' નું ગીત કેટલીય વાર સુધી મનમાં રમતું રહ્યું... 'હાં એને પ્રેમ કરવામાં લીધો હતો જનમ, વચમાં જરાં તમે વધારે ગમી ગયા' ના શેર સાથે રઈશે 'ગળેથી જયાં ઉતરી શરાબ તોફાની બની ગઈ હતી જયાં સુધી એ સીધી હતી સુરાહીમાં' સાથે બરકત વિરાણીનું એવરગ્રીન ગીત 'નજરનાં જામ છલકાવનેં ચાલ્યા કયાં તમે, જીગરને આમ તરસાવીને ચાલ્યા કયાં તમે 'તાળીઓનાં પ્રચંડ પ્રતિસાથી વધારી લીધું...'

પ્રથમ તો તમારી આંખો ઠીક લાગી, તમારાં સમ પછી બહુ બીક લાગી' અને રઈશ મણિયારની બીકને બયાં કરવાનું કામ સોલી કાપડીયાએ રઈશની આયડેન્ટીટી સમાન હઝલ કેટોની ગાઈ બતાવી. 'પરણીને પસ્તાય તો કેટોની... હમણાં તો પ્યાર જાણે કે રેશમની ડોરી, પછી એના પર કપડાં સુકાય તો કેટોની' આમ તો આ રચનાના રઈશ મણિયાર જાતે જ રજૂ કરતાં હોય પણ આજે સોલીએ વટ પાડી દીધો... આ મોજીલી રજૂઆત બાદ એવું જ ૫૦ વર્ષ જૂનું છતાંય આજેય સૌને સાંભળવું વ્હાલું લાગે એવું ગીત.' તમે થોડા થોડા થાવ વરણાગી હો ભાભી તે થોડા થોડા થાવ વરણાગી, નવી ફેશનની ધુન હવે લાગી...' હળવાં પારિવારીક ગીતની મજા શ્રોતાઓને માણી... શોધું છું હું પુત્રમાં ગુજરાતી, પણ વાળ્યું છે તેવું હવે હું ભણું, લખી છે વસીયત ગુજરાતીમાં, એ એટલું વાંચી શકે તોય ઘઉં' જેવી માર્મિક ટકોરનાં શેર સાથે ડૉ. મુકુલ ચોકસીની રચનાં અને સોલી કાપડિયાનો સ્વર અને સ્વરાંકનથી બનેલું ગીત 'પ્રેમ એટલે કે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો, સ્વપ્નમાં પળાય એવો કાયદો' અત્યંત મસ્ત રચનાં જે અત્યંત પ્રસિદ્ધ પણ છે જે અહીં પણ પ્રસિદ્ધિ પામી...



'શરાબમાં પહેલાં કડવાશ અને પછી નશો ચઢે છે જયારે પ્રેમમાં પહેલો નશો અને બાદમાં કડવાશ આવે' ની કટુસત્ય વાત સાથે રઈશ મણિયારે 'ઉનસે શીકે સે કોઈ ચિઝ ઉતરાઈ હૈ, કામ કા કામ ઔર અંગડાઈ દેખને કો પાઈ હૈ' જેવાં રોમાંટીક શેર સાથે પતિ-પત્નીની રમૂજી વાત રજૂ કરી રોમેન્ટીક શાયર તુસાર શુક્લનું ગીત નીશાએ આલાપથી ઉપાડ્યું, 'આંખોમાં બેઠેલાં ચાતક કહે છે, મારૂં ચોમાસું કયાંક આસપાસ છે' શિવરંજની રાગ પર આધારિત આ ગીત નીશા માટે વન્સમોર અપાવી ગયું...

સોલી - નિશાના પ્રેમને બયાં કરતાં રઈશે કીધું કે, 'એનાં પગની ઝાંઝરીને ચૂમવા આજે વરસાદ પણ ત્રાંસો પડયો, સુકવી જયાં એમણે ઓઢણી એ લીમડાની ડાળ પણ મીઠી થઈ ગઈ' અને આ વાતનાં અનુસંધાને 'નયનને બંધ રાખીને મેં જયારે તમને જોયાં છે, તમે છો એનાં કરતાં પણ વધારે પણ વધારે તમને જોયા છે - નૈન નૈન મળે જયાં છાનાં બંને દિલ થયા દિવાના, તમને પારકાં માનું કે પોતાના - નજર્યું ના કાંટાને ભૂલ મારા વાલમની, ભીંજે હૈયું ને - મારાં ભોળા દિલનાં હાય રે શિકાર કરી લો, ચાલ્યા ગયાં આંખોથી આંખો ચાર કરી લો... ની મેડલીની મજાથી શ્રોતા નૈનનાં ગીતોમાં આંખો પરોવી બેઠાં...'

ગાંધીનગરનાં પ્રખ્યાત કવિ અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાનાં કાવ્યસંગ્રહ 'આપણાં સંબંધ' જેને અવાજમાં સોલી - નીશા કાપડિયાએ સંગીતબદ્ધ કર્યા છે એનું ટાઈટલ સોંગ 'કેટલાં જનમમાં ભેગા રહીશું, કેટલાં ઝરણાં ભેગા થાય બને નદીનું વહેણ, આપણા સંબંધ આપણી વચ્ચે નામ વિનાના' ગાંધીનગરની ગૌરવવંતી રચના સૌને ગમી ગઈ... હો જીરે ધૂણી રે ધકાવી બેલી અમે તારાં નામની, અલખ ના રે ધામની... અત્યંત ભાવવાહી રજૂઆત રહી...

આ આખાય મહેફિલમાં સંગીતથી સંગત કરી રહેલાં સોજીંદાઓમાં તબલાં પર પંડિત વિક્રમ પાટીલ જેઓનાં તબલાની થપાટ આપણે અનેક ખ્યાતનામ સંગીતકારોમાં ગીતોમાં કામ કરી ચૂકેલાં ચંદ્રકાંતભાઈ, ઑક્ટોપેડ પર જયેશ - નૈયા સાથે કામ કરી ચૂકેલાં ચંદ્રકાંતભાઈ, ઑક્ટોપેડ પર જયેશ શિર્કે, કિ-બોર્ડ પર શાહ નવાજ ખાં - પપ્પુ - ગિટાર પર મિન્ટુ મુખર્જી કે જેણે એમેરિકન ઓવેશન ગિટાર વગાડેલી સૌ સાજીંદાઓએ એમનાં પરિચય વખતે એકાદ સંગીતનો ટૂકડો વગાડી બતાવીએ...

ભૈરવીના રાગમાં કાર્યક્રમની સમાપ્તિમાં 'જનનીનાં હૈયામાં પોઢંતા પોઢંતા, પીધો કંસુબીનો રંગ હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ અને મિલે સુર મેરા તુમ્હારા સાથે જનની, જન્મભૂમિ અને માતૃભાષાના ઉલ્લેક સાથે કાર્યક્રમ સંપન્ન થઈ ગયો... શતપ્રતિશત ગુજરાતી ગીતો, માતૃભાષાનાં મહત્ત્વ સાથે મહેકતી મહેફિલ રંગ જમાવી ગઈ.. કલ્ચરલ ફોરમને આમ્રકૂંજની મંજરીની શુભેચ્છાઓ અભિષેક...'

## સાંવરીયો રે મારો સાંવરીયો... ગીષ્મોત્સવમાં કલ્ચરલની ગુજરાતી ફૉરમ... સુગમ સંગીતનાં ઑલ એન્ડ સૉલ એવાં સોલી કાપડીયા - નિશા કાપડીયાએ ઑલ ટાઈમ ગ્રેટ એવાં ગુજરાતનાં ગૌરવ સમાં ગીત - ગઝલને રઈશ મણિયારનાં રમતિયાળ સૂત્ર સંચાલકનાં સથવારે મધુરાં ગીતોનાં જામ છલકાવ્યાં